
# ડીસાના જલારામ મંદિર ખાતે ૨૨૨મી જલારામ જયંતિની ધામધૂમથી ઉજવણી





ડીસા, તા. ૧૧

સમગ્ર ગુજરાતમાં રઘુવંશી લોહાણા સમાજ દ્વારા આજે ૨૨૨ મી જલારામ જયંતીની ઉજવણી કરવામાં આવી રહી છે. ત્યારે ડીસા જલારામ મંદિર ખાતે રઘુવંશી લોહાણા સમાજ દ્વારા જલારામ બાપાની જન્મ જયંતીની ઉજવણી કરવામાં આવી હતી .જેમાં ૧૧ જેટલા યુગલે હવનમાં બેસી આહુતિ આપી હતી. જ્યારે જલારામ સત્સંગ મંડળ દ્વારા સુંદર રીતે ભજન કીર્તનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં રઘુવંશી લોહાણા સમાજના આગેવાનો ,હોદ્દેદારો, ભાઈઓ બહેનો ઉપસ્થિત રહીને જલારામ બાપાના ભજનનો લ્હાવો લીધો હતો ભજન સત્સંગ કાર્યક્રમમાં ગરબે ઘૂમી જલારામ બાપાના રંગમાં રંગાઈ ગયા હતા. જલારામ જયંતિ નિમિત્તે મોટી સંખ્યામાં શહેરજનો દ્વારા પણ જલારામ બાપાનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી.

જો કે દર વર્ષે જલારામ જયંતિ નિમિત્તે ડીસા શહેરમાં શોભાયાત્રા સાથે ભોજન પ્રસાદનુ આયોજન કરવામાં આવે છે પરંતુ આ વર્ષે કોરોનાની ગાઈડ લાઈન અમલમાં હોઈ સરકાર દ્વારા મંજુરી આપવામાં ના આવતાં રઘુવંશી લોહાણા સમાજ દ્વારા સાદગી પૂર્ણ રીતે જલારામ જયંતિની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં બુંદીના પ્રસાદ સાથે ગરીબોને ભોજન પણ આપવામાં આવ્યું હતું. જલારામ સેવા ટ્રસ્ટ દ્વારા જલારામ જયંતી નિમિત્તે જલારામ મંદિર ખાતે સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. જલારામ મંદિર ખાતે જલારામ જયંતી નિમિત્તે રક્તદાન કેમ્પનું પણ આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મોટી સંખ્યામાં રક્તદાતાઓ દ્વારા રક્તદાન કરી રક્તદાન એ મહાદાનનું સૂત્ર સાર્થક કર્યું હતું.

# પાલનપુર ખાતે વાત્સલ્ય સેવા ટ્રસ્ટ દ્વારા બહેનો આત્મ નિર્ભર બને તે માટે એક્ઝિબિશન




પાલનપુર તા. ૧૧

પાલનપુર ખાતે વાત્સલ્ય સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત પ્રદર્શન ને પ્રથમ દિવસે પ્રદેશ ઉપાધ્યક્ષ કૌશલ્યા કુંવરબા નાં હસ્તે ખુલ્લો મુકવામાં આવ્યો હતો.

પાલનપુર ખાતે વાત્સલ્ય સેવા ટ્રસ્ટ દ્વારા બહેનો આત્મ નિર્ભર બને તે માટેના ઉમદા હેતુથી ટ્રસ્ટના પ્રમુખ જાગૃતિબેન વિપુલભાઈ મહેતા દ્વારા વિવિધ સંસ્થાઓની બહેનો ને ૫૧સ્ટોલ આપીને ઉત્પાદિત ચીજ વસ્તુઓના વેચાણ માટે માર્કેટ પૂરું પાડવા ૩ દિવસ માટે એક્ઝિબિશનને ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.આ ત્રણ દિવસ ચાલેલા એક્ઝિબિશનમાં ગુજરાત રાજ્ય ના મંત્રી કિર્તિસિહ વાઘેલા, જિલ્લા પ્રમુખ ગુમાનસિહ ચૌહાણ, મહામંત્રી ડાહ્યાભાઈ પિલિયાતર, શહેર મહામંત્રી અતુલભાઈ જોષી, પ્રશાંતભાઈ માળી, હરેશભાઈ ચૌધરી, દલપતભાઈ બારોટ વાત્સલ્ય સેવા ટ્રસ્ટ દ્વારા આયોજીત પ્રદર્શન ની અને દરેક સ્ટોલ ની મુલાકાત લીધી હતી.

## જન્મદિને વધામણી



રોનક ચૌધરી
બાયડ



ભાવિસાબેન પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
બાયડ



દિલીપભાઈ નરેન્દ્રભાઈ પટેલ
વ્રજ ભૂમિ સોસાયટી
બાયડ જી.અરવલ્લી



સિદ્ધાર્થસિંહ ભાટી
મુ.મોટા કોટડા, તા.ઈડર,
જી.સાબરકાંઠા.

# ડીસાના ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઈટો ચાલું કરવા મુદ્દે આવેદનપત્ર...

### આમ આદમી પાર્ટીની આંદોલન છેડવાની ચીમકી

ડીસા, તા. ૧૧

ડીસા શહેરમાં ટ્રાફીક સમસ્યા દૂર કરવા માટે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦ કરોડનાં ખર્ચે ઓવરબ્રિજ બનાવવામાં આવ્યો છે. જે ઓવરબ્રિજનું થોડા મહીના પહેલા લોકાર્પણ કરવામાં આવ્યું છે પરંતુ નેતાઓ દ્વારા માત્ર પબ્લિસીટી કરવા લોકાર્પણ કરી માત્ર વાહવાહી મેળવી હોય તેવું દેખાઈ રહ્યું છે .કારણ નવા બનાવેલ ઓવરબ્રિજ પર સ્ટ્રીટ લાઈટો બંધ છે સ્ટ્રીટ લાઈટનુ બિલ કોણ ભરશે ? જેને લઈને નગર પાલિકા ઓને નેશનલ હાઈવે ઓથોરીટી ખો ખો દાવ રમી રહ્યા છે. જેના લીધે નવા ઓવરબ્રિજ પર રાત્રિ દરમિયાન અંધારપટ છવાયેલ રહે છે જેના લીધે વારંવાર અકસ્માતો સર્જાઈ રહ્યા છે. શહેરજનો દ્વારા વારંવાર રજૂઆત કરવામાં આવી હોવા છતાં વહીવટી તંત્ર નબળી નેતાગીરીના કારણે કોઈ જ ધ્યાનમાં લેતું નથી. ત્યારે આજે




આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ ડો. રમેશભાઈ પટેલની આગેવાનીમાં મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ દ્વારા નાયબ કલેક્ટરને આવેદનપત્ર પાઠવ્યું હતું અને ચિમકી ઉચ્ચારી હતી કે જો નવા ઓવરબીજ પર સ્ટ્રીટ લાઈટો ચાલું કરવામાં નહી આવે અને ઓવરબ્રિજના સર્વિસ રોડનું નવિનીકરણ કરવામાં નહી આવે તો આમ આદમી પાર્ટી દ્વારા ધરણાં ઉપવાસ આંદોલન શરૂ કરાશે અને જે કોઈ પરીસ્થીતીનું નિર્માણ થશે તેની જવાબદારી વહીવટી તંત્ર અને સરકારની રહેશે.

### ઓવરબ્રિજ નીચે કટ મુકવાની પણ માંગ

હાઈવે પરની પંદર સોસાયટીના રહીશોને ઓવરબ્રિજ નીચે રસ્તાઓ બંધ કરવામાં આવ્યા છે. જેના લીધે મુશ્કેલીઓ ભોગવી રહ્યા છે જેમાં ખાસ કરીને શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, નાના બાળકો, મહીલાઓ, સિનિયર સિટીઝનો નાછુટકે રોગ સાઈડમાં ચાલવા મજબુર બની રહ્યા છે જેના લીધે ભવિષ્યમાં આકસ્મિક ઘટનામાં વધારો થઈ શકે છે ત્યારે સોસાયટીના રહીશો માટે ઓવરબ્રિજ નીચે કટ મુકવામાં આવે તેવી પણ નાયબ કલેકટરને આવેદનપત્ર આપી ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી.

### રાજ્યભરમાં ટેકાના ભાવે મગફળી ખરીદીના પ્રારંભ વચ્ચે

# બનાસકાંઠામાં મગફળીની ટેકાના ભાવે ખરીદીમાં પ્રથમ ગ્રાસે મક્ષિકા

**બનાસકાંઠા જિલ્લામાં તંત્રના આગોતરા આયોજનના અભાવે મગફળીની ખરીદી ન થઈ શકી : જિલ્લામાં ૯ સેન્ટરો પર ખેતીવાડી વિભાગનો ૪૫નો સ્ટાફ: ૬૦૦૦ ખેડૂતોએ કરાવ્યું રજિસ્ટ્રેશન**

પાલનપુર તા.૧૧

રાજ્યભરમાં આજે લાભ પાંચમથી મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ થઈ છે. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લા માં આજે



ટેકાના ભાવે મગફળીની ખરીદીનો પ્રારંભ થઇ શક્યો નથી. જોકે, પાલનપુરમાં ખેડૂતો ઊંચા ભાવ મળતા મગફળી માર્કેટયાર્ડમાં ખુલ્લા બજારમાં વેચતા જોવા મળ્યા હતા. રાજ્યભરમાં આજથી મગફળીના ટેકાના ભાવે ખરીદી શરૂ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો હતો. જોકે, સરહદી બનાસકાંઠા જિલ્લામાં દિવાળી ના તહેવારો ટાણે ઘેનમાં રહેલા તંત્રના આગોતરા આયોજનના અભાવે આજ થી ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ થઇ શક્યો નથી. ટ્રાન્સપોર્ટેશન નું ટેન્ડર બહાર પડયું ન હોવાથી ખરીદી શરૂ થઈ શકે તેમ ન હોઈ ખેડૂતોને મગફળી ટેકાના ભાવે વેચવા મેસેજ મોકલાયા ન હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લામાં ૬૦૦૦ ખેડૂતોએ ટેકાના ભાવે મગફળી વેચવા રજીસ્ટ્રેશન કરાવ્યું છે. પરંતુ પૂર્વ આયોજનના અભાવે મગફળીની ટેકાના ભાવે ખરીદી શરૂ થઈ શકી નથી. ત્યારે ટેકાના ભાવે મગફળી ખરીદીની રાહ જોઈ રહેલા ખેડૂતો પણ ઊંચા દામ મળતા પાલનપુર માર્કેટયાર્ડ માં ખુલ્લા બજારમાં મગફળી વેંચતા જોવા મળ્યા હતા. પાલનપુરમાં એકબાજુ ટેકાના ભાવે મગફળી ખરીદી સેન્ટર શરૂ થયું નથી. ત્યારે બીજીબાજુ ટેકાના ભાવ કરતા પણ સારા ભાવ મળવાથી ખેડૂતોએ ખુલ્લી હરાજીમાં મગફળી વેંચવાનું પસંદ કરતાં ત્રીસથી પાંત્રીસ હજાર બોરીની આવક થઈ હોવાનું માર્કેટયાર્ડ ના ડિરેકટર અને વેપારી વિજયભાઈ પટેલે જણાવ્યું હતું.

બનાસકાંઠા જિલ્લામાં મગફળીની ટેકાના ભાવે ખરીદી માટે ૯ સેન્ટર ફાળવાયા છે. ૯ સેન્ટર પર ૪૫ ખેતીવાડી વિભાગનો સ્ટાફ પણ ફાળવાયો છે. પરંતુ દિવાળીના તહેવારો ટાણે વ્યસ્ત નઘરોળ તંત્રના પાપે મગફળીની ટેકાના ભાવે ખરીદી થઈ શકી ન હોવાનો બળાપો ખેડૂતોએ ઠાલવ્યો હતો.

### રાજ્યમાં શરૂ: બનાસકાંઠામાં બંધ

લાભપાંચમથી રાજ્યભરમાં ટેકાના ભાવે મગફળી ખરીદીનો પ્રારંભ કરવાની રાજ્ય સરકારની જાહેરાતને પગલે રાજ્યભરમાં મગફળી ખરીદીનો પ્રારંભ થયો હતો. ત્યારે સરહદી બનાસકાંઠા જિલ્લામાં ટેકાના ભાવે મગફળી ખરીદી પ્રથમ ગ્રાસે મક્ષિકા સમી પુરવાર થઈ હતી. દીપાવલીના તહેવારો ટાણે કાળા બજારમાં પગ કરી જતા પુરવઠાને લઈને મીડિયા મેનેજ કરી જાણનારું પુરવઠા તંત્ર ટેકાના ભાવે મગફળી ખરીદી કરવાની તૈયારીમાં ઉણુ ઉતરતા આજે મગફળી ખરીદીનો પ્રારંભ થઈ શક્યો ન હોવાનો વસવસો ખેડૂતોએ વ્યક્ત કર્યો હતો. ત્યારે દિવાળીની ઉજવણીમાં વ્યસ્ત તંત્ર સત્વરે દિવાળી ની શુભેચ્છાની આપ-લે ના કેફમાંથી બહાર આવી ટેકાના ભાવે ખરીદી શરૂ કરે તેવી લાગણી ખેડૂતોએ વ્યક્ત કરી હતી.

ટચુકડી
જાહેર ખબર
દર રવિવારે
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧,
ફેક્સ : ૨૩૨૩૦૫૭૧



### જુના ડીસામાં યજ્ઞ નિમિતે વિશાળ શોભા યાત્રા નીકળી...

જુનાડીસા ગામે સમસ્ત રબારી સમાજ દ્વારા વર્ષોની પરંપરા મુજબ કારતક સુદ સાતમના રોજ અનંત વિભૂષિત શ્રી શ્રી ૧૦૦૮ બ્રહ્મલીન મહંત શ્રી બળદેવગીરી મહારાજના આશીર્વાદ અને પ. પૂ. ૧૦૦૮ મહંત શ્રી જયરામગીરીજી મહારાજની શુભ નિશ્રામાં યજ્ઞ નિમિતે વિશાળ શોભાયાત્રા નીકળી હતી.જેમાં રબારી સમાજના ભાઈ- બહેનો સાથે ગામના ભાવિકો પણ જોડાયા હતા.બાદમાં હનુમાન મંદિર કુટિયા ખાતે વૈદિક મંત્રોચ્ચાર વડે યજ્ઞ યોજાયો હતો.યજમાનોએ યજ્ઞમાં આહુતિ આપી હતી.પ.પૂ. મહારાજે આશીર્વચન પાઠવ્યા હતા.ત્યારબાદ ભાવિકોએ ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

# ડીસાની જીઆઈડીસીમાં આવેલ કોપરેલની ફેક્ટરીમાં આગ લાગતા દોડધામ....

### રેલવે સ્ટેશન વિસ્તારના રહેણાંક મકાનમાં ગેસનો બાટલો લીકેજ થયો



ડીસા, તા. ૧૧

ડીસાના જીઆઈડીસી વિસ્તારમાં આવેલી ક્રિષ્ણા ઈન્ડસ્ટ્રીઝમાં બુધવારે અચાનક શોર્ટ સરકીટના કારણે આગ લાગતાં અફડાતફડી મચી હતી. આગના કારણે મોટું નુકસાન થવા પામ્યું હતું. જોકે આગના પગલે પાલિકાનું ફાયર ફાઈટર ઘટના સ્થળે પહોંચી પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લીધી હતી. બનાવના પગલે નગર પાલિકા પ્રમુખ રાજુભાઈ ઠક્કર સહિત યુવા મોરચાના પ્રમુખ અને ચુંટાયેલા સદસ્યો ઘટનાસ્થળે દોડી હતા જોકે આગ કાબુમાં આવે તે પહેલા મિલ મલિકને અંદાજે ૨ લાખનું નુકસાન થવા પામ્યું હતું. એ જ રીતે જીઆઈડીસીને અડીને આવેલા રેલવે સ્ટેશન વિસ્તારમાં રહેતા લાલભાઈ લોધાના મકાનમાં અચાનક ગેસનો બાટલો લીકેજ થતા નાસભાગ મચી ગઈ હતી.બનાવના પગલે આજુબાજુમાંથી દોડી આવેલા લોકોએ પાણીનો મારો ચલાવી સળગતા બાટલાને ઓલવી દેતા હર કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.

# પાલનપુરમાં યુવકની હત્યાના ત્રણ આરોપીઓને ગણતરી કલાકોમાં ઝડપી જેલના સળીયા પાછળ ધકેલાયા

**મૃતકની દિકરીના સમાજ રાહે છુટાછેડા થયાનું મનદુઃખ રાખી હત્યા કરાઈ હતી**

પાલનપુર તા.૧૧

પાલનપુરના જિલ્લા પંચાયતની સામે મંગળવારે બપોરે જાહેરમાં છરીના ઘા ઝીંકી એક યુવકની હત્યા કરાઈ હતી. જેને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી. જોકે પોલીસે ઘટનાસ્થળે પહોંચી તપાસ હાથ ધરી હતી અને આરોપીઓને ગણતરીના સમયમાં જ ઝડપી લઈ જેલના હવાલે કર્યા હતા.

પાલનપુરમાં જિલ્લા પંચાયતની સામે મંગળવારે બપોરે એક યુવક ગોપાલભાઈ કાળુભાઈની હત્યા થઈ હતી. જેના પગલે પોલીસે તપાસ હાથ



ધરી હતી. જેમાં જાણવા મળ્યું હતું કે ગોપાલભાઈને દિકરી મંજુબેનના લગ્ન પાલનપુરના માધવભાઈ વેડુ દેવીપુજક સાથે થયા હતા.જોકે લગ્નના થોડા સમય બાદ પતિ પત્નીને મેળ ન આવતા સમાજ રાહે છુટાછેડા થયા હતા અને મંજુબેનને ગઢ મડાણા ગામે વળાવ્યા હતા. તેનું મનદુઃખ રાખીને ગોપાલભાઈના વેવાઈ પક્ષના લોકોએ મંગળવારે પાલનપુરમાં જિલ્લા પંચાયત પાસે આવી તેમની સાથે ઝઘડો કરી અપશબ્દો બોલ્યા હતા જેથી ગોપાલભાઈએ અપશબ્દો બોલવાની ના પાડતાં તેઓ ઉશ્કેરાઈ ગયા હતા અને કહ્યું હતું કે મારા દિકરા સાથે છુટા છેડા કરાવી તારી દિકરીને બીજે કેમ વળાવી તેમ કહી જાહેરમાં છરીના ઘા મારી હત્યા કરી હતી. અને પોલીસે તપાસ હાથ ધરી હતી જે બાબતે સીતાબેન હરિભાઈ દેવીપૂજક એ પાલનપુર પશ્ચિમ પોલીસ મથકે માધવ પરથીભાઈ વેડુ દેવીપૂજક,પરથી અમરતભાઈ વેડું દેવીપૂજક,મધુબેન પરથીભાઈ વેડુ દેવીપૂજક એમ ત્રણ વિરૂધ્ધ ફરિયાદ નોંધાવતાં પોલીસે ગણતરીના સમયમાં જ ત્રણેય આરોપીઓની અટકાયત કરી જેલના હવાલે કરી વધુ તપાસ હાથ ધરી છે.

# પીંપલી(ભાગળ)માં રામેશ્વર મહાદેવ મંદિરના તાળા તૂટ્યા

પાલનપુર તા. ૧૧

પાલનપુર તાલુકાના પીંપલી ભાગળ ગામમાં આવેલ શ્રી રામેશ્વર મહાદેવના મંદિરમાં લાભ પાંચમના દિવસે અજાણ્યા તસ્કરો ત્રાટકયા હતા. જેઓએ મંદિરના તાલા તોડી રૂ.૧૧,૦૦૦ની માલમત્તાની ચોરી કરી ફરાર થઈ ગયા હોવાની ફરિયાદ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશને નોંધાઈ છે. પાલનપુર તાલુકાના પીંપલી ભાગળ ગામમાં શ્રી રામેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે. જેમાં મંગળવારની રાત્રે તસ્કરો ત્રાટકયા હતા. જેઓ મંદિરના તાલા તોડી મંદિરમાં રહેલ રૂ.૭૫૦૦ની કિંમતનું એમ્પ્લીફાયર અને રૂ.૩૫૦૦ ની કિંમતનું ધાતુનું છત્ર મળી કુલ રૂ.૧૧,૦૦૦ના મુદ્દામાલની ચોરી કરી ફરાર થઈ ગયા હતા. આ અંગે મોંઘજીભાઈ કાનજીભાઈ પટેલ રહે.પીપળી ભાગળ તા. પાલનપુરવાળાએ પાલનપુર તાલુકા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી તસ્કરોને ઝડપી લેવાના ચક્રો ગતિમાન કર્યા છે.